## વડીલોને વંદન અભિનંદન



સુરેશ પ્રા. ભટ્ટ
ફોન: ૨૩૨ ૨૬૨૫૧

# પ્રાંતિજ તાલુકાના બાલીસણા પથંકના કિસાનો જમીન વળતર મેળવવા તંત્ર સામે જંગે ચડશે

## ૨૫ કરોડ કિસાનોને ચુકવી દેવાનો લોક અદાલતનો આદેશ છતાં હજુ સુધી હક્કની રકમ પ્રાપ્ત થઈ નથી

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલ બાલીસણા ગામે સુઝલામ-સુફલામ કેનાલ બનાવવા ખેડુતોની ખેતીની જમીન સરકાર દ્વારા વળતરના કરારથી ઉપયોગમાં લીધેલ હતી. કરાર મુજબ આજદિન સુધી કિસાનોને વળતર ચુકવાયુ નથી. વળી લોક અદાલતે જે તે કિસાનોને વળતર ચુકવી દેવા આદેશ કર્યો છે છતાં તંત્ર તરફથી કોઈ જ કાર્યવાહી ન થતાં બાલીસણા પંથકમાં કિસાનો પોતાના હક્ક માટે સરકારી તંત્ર સામે જંગ ચડનાર હોવાનું જાણવા મળ્યુ છે.

મળેલ વિગતો મુજબ પ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામના કેટલાક કિસાનોની જમીન સરકારી તંત્રએ સુઝલામ-સફલામ કેનાલ બનાવવા વળતરના કરાર હેઠળ મેળવી હતી. કિસાનોની જમીન અંદાજે એક લાખ વીસ હજાર મીટર કેનાલ બનાવવા સરકારે લીધી હતી. આ કેનાલ બન્યા પછી કિસાનોની અનેક માંગ છતાં તંત્રએ વળતર ચુકવવા ઠાગા ઠૈયા કર્યા હતા. જે અંગે કિસાનોને લોક અદાલતે તા.૨૩/૧૧/૨૦૧૩ના રોજ રૂપિયા ૨૫ કરોડ જે તે લાગતા વળગતાં કિસાનોને ચુકવી દેવાનો આદેશ કરેલ છે.

છતાં પણ આજ દિન સુધી તંત્ર દ્વારા બાલીસણા પંથકના કિસાનોને વળતરની રકમ ચુકવાઈ નથી. જેથી કિસાનો પોતાના હક્ક માટે સરકાર તથા સરકારી તંત્ર સામે જંગે ચડનાર હોવાનું કિસાનોના સુત્રો દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.



તાલ અને લય - સંગીતની શક્તિ અમોઘ છે... હાર્મોનિયમનો સૂર અને તબલાના તાલમાંથી સર્જાય છે એક અનન્ય શક્તિ... સૂર-તાલ અને લયનો ત્રિવેણી સંગમ એટલે સંગીત... સામુહિક તબલાવાદન માણવાનો લ્હાવો અનેરો હોય છે... કાંકરિયા કાર્નિવલની આ તસવીર બાળકોની અનન્ય આંતરિક શક્તિને ઉજાગર કરે છે...

## બીજેપી યુથ એમ્બેસેડર્સએ ૧૧ લાખથી વધુ પ્રાથમિક સભ્યો બનાવ્યા

અમદાવાદ તા.૨૭

પ્રદેશ યુવા મોરચાના પ્રદેશ મહામંત્રી શ્રી હિતેશભાઈ પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગત તા.૨૩ થી ૨૬ ડિસેમ્બર દરમિયાન બીજેપી યુથ એમ્બેસેડર્સ સમગ્ર ગુજરાતના વિવિધ જીલ્લા મહાનગરોના બુથ સુધી પહોચ્યા હતા, જયાં યુવાનોનો સારો એવો પ્રતિસાદના ભાગરૂપે ૧૧,૨૧,૫૫૭ થી વધુ પ્રાથમિક સભ્યો ઓનલાઈન પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવ્યા હતા. જેમાં કર્ણાવતી મહાનગરમાંથી ૨,૧૬,૫૦૦, સુરત મહાનગરમાંથી ૬૮,૬૫૫, કચ્છ જીલ્લામાંથી ૬૦,૭૦૦ સુરત જીલ્લામાંથી ૫૮,૫૧૧ અને સુરેન્દ્રનગર જીલ્લામાંથી ૫૬,૧૮૦ પ્રાથમિક સભ્યો નોંધાયા હતા.

આગામી દિવસોમાં યુવા મોરચો તા.૨૮ થી ૩૦ ડિસેમ્બર દરમિયાન જાહેર સ્થળો જેવા કે શોપીંગ મોલ, સિનેમા ગૃહ, શાક માર્કટ, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન વગેરે સ્થળો પર જઈ પક્ષના પ્રાથમિક સભ્ય ઓનલાઈન પ્રક્રિયા દ્વારા નોંધશે. તેમજ તા. ૪ થી ૬ જાન્યુઆરી, ૨૦૧૫ દરમિયાન વિવિધ કોલેજ કેમ્પસોમાં અને ૭ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ વિવિધ હોસ્ટેલોમાં જઈ યુવાઓને પક્ષના પ્રાથમિક સભ્યો બનાવશે.

# આજે સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે લવ કુશ મહાસંમેલન યોજાશે

## આ પાટીદાર એકાત્મકતા પર્વ સમા મહાસંમેલનનું ઉદઘાટન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ કરશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સરખેજ હાઈવે પર સોલા ખાતે આવેલ ભાગવત વિદ્યાપીઠમાં તા. ૨૮મી ડિસેમ્બરે પાટીદાર પરિવાર ટ્રસ્ટ દ્વારા ભવ્ય લવકુશ મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનનું ઉદઘાટન રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવનાર છે.

આ મહાસંમેલનમાં હરિદ્વાર ખાતેના ભારતમાતા મંદિરના સત્યમિત્રાનંદજી મહારાજ, જામનગરના આણદાબાવા સેવા સંસ્થાનના મહંત દેવપ્રસાદજી મહારાજ, પીરણાના નાનકદાસજી મહારાજ સહિત અનેક સંતો-મહંતો તેમજ ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમભાઈ રુપાલા આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિભાઈ અમીન ઉપસ્થિત રહેશે. આ પાટીદાર એકાત્મક પર્વ લવ કુશ મહા સંમેલનમાં પાટીદાર એકતાના પ્રણેતા સામાજિક કાર્યકર, પ્રિ. ભિખુભાઈ પટેલનું સન્માન કરાશે અને તેમના સ્મૃતિ ગ્રંથનું લોકાર્પણ કરાશે. આ ઉપરાંત પાટીદાર સમાજ દ્વારા રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સહિત અનેક ક્ષેત્રના અગ્રણીઓનું પણ સન્માન કરવામાં આવશે. આ મહાસંમેલનમાં મોટી સંખ્યામાં પાટીદાર સમાજના સભ્યો પરિવાર સહિત ઉપસ્થિત રહેશે.

# ગુજરાતમાં તીવ્ર ઠંડીનું મોજુ

## ૨૦૧૪ની વિદાય અને ૨૦૧૫નું આગમન ગાત્રો થીજવતી ઠંડીની સાથે થઇ શકે

**ક્યાં કેટલું તાપમાન**

| સ્થળ | લઘુત્તમ તાપમાન |
|---|---|
| નલિયા | ૭.૫ |
| ગાંધીનગર | ૭.૮ |
| ડિસા | ૯.૧ |
| કંડલાએરપોર્ટ | ૯.૪ |
| અમદાવાદ | ૧૦ |
| વડોદરા | ૧૦.૬ |
| રાજકોટ | ૧૧ |
| અમરેલી | ૧૧.૩ |
| વલસાડ | ૧૧.૬ |
| પોરબંદર | ૧૨.૬ |
| ભુજ | ૧૧.૭ |
| સુરત | ૧૮ |

અમદાવાદ,તા. ૨૭

કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં બરફ વર્ષાને પગલે ઉત્તર ભારતના રાજયોમાં પડી રહેલી હાડથીજાવતી ઠંડીની અસર હવે ગુજરાતમાં પણ વર્તાવા લાગી છે. છેલ્લા કેટલાક દિવસથી રાજયના શહેરોના લઘુત્તમ તાપમાનમાં થઈ રહેલી વધઘટ બાદ હવે ઠંડીનું જોર વધવા લાગ્યું છે અને શુક્રવારની રાત્રે નલિયામાં ૭.૫ ડિગ્રી સેન્ટીગ્રેડ તાપમાન નોંધાતા નલિયાવાસીઓ ધ્રુજી ઉઠ્યા હતા જ્યારે અમદાવાદ શહેરનું પણ તાપમાન ઘટીને ૧૦ ડિગ્રીએ પહોંચતા બર્ફિલા ઠંડા પવનથી નગરજનો રાત્રે ઠુઠવાઈ ગયા હતા. ગાંધીનગર ૫ ણ ૭.૮ ડિગ્રી સાથે નલિયા બાદ વધુ ઠંડું રહ્યું હતું. હવામાન વિભાગે ગુજરાતમાં ઠંડીનું જોર વધશે તેવી આગાહી કરી છે જ્યારે અમદાવાદ શહેરમાં પણ મંગળવારની રાત્રિના તાપમાનમાં હજુ ઘટાડો થશે તેમ જણાવ્યું છે.

ઉત્તરપૂર્વીય શીત લહેરોથી ખાસ કરી કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ઠંડીનો પ્રકોપ હવે વધવા લાગ્યો છે જેની જનજીવન ઉપર સીધી અસર દેખાવા લાગી છે. લોકો કડકડતી ઠંડીથી બચવા ગરમ વસ્ત્રોનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરી રહ્યા છે અને રાત્રે વહેલા ઘરમાં પુરાઈ જાય છે. રાજ્યના કેટલાક શહેરો જે સામાન્યરીતે રાત્રે લોકોની અવરજવર તથા ટ્રાફિકથી ધમધમતા હતા ત્યાં હવે રાત્રિના સમયે પ્રજાની અવરજવર સુદ્ધા ઓછી જોવા મળે છે. ફુટપાથ પર જીવન વિતાવતા મજુરો, ગરીબો, ભીક્ષુકો ઠંડીથી બચવા તાપણાનો સહારો લઈ રહ્યા છે. ગુજરાતમાં ઠંડી વધુ વર્તાશે સાથે હવે વર્ષ ૨૦૧૪ની વિદાય પણ શીતળતાથી ભરપુર રહેશે જ્યારે ૩૧મીની રાત્રે ૧૨ના ટકોરે ૨૦૧૫ને વધાવવા વિશ્વભરમાં થતાં જશ્નમાં ગુજરાતવાસીઓ ગરમ વસ્ત્રોથી સજ્જ થઈ સહભાગી થશે તેવું ઠંડીના મિજાજથી દેખાઈ રહ્યું છે.

# અમદાવાદમાં ૨જી જાન્યુઆરીથી આરએસએસના કાર્યકરોની શિબિર

અમદાવાદ, તા.૨૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગુજરાત દ્વારા આગામી ૨જી જાન્યુઆરી ૨૦૧૫થી ત્રણ દિવસ માટે અમદાવાદ ખાતે ગુજરાતના કાર્યકર્તાઓ માટે વિશાળ કાર્યકર્તા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરની વિગતો આપતાં પ્રાંત સંઘચાલક ડૉ. જયંતિભાઈ ભાડેસીયાએ જણાવ્યું હતું કે આ શિબિરમાં કુલ ૨૫,૮૦૦ કાર્યકર્તાઓનું પંજીકરણ થયેલ છે. શિબિરમાં ૨૮૦૦થી વધારે ગામડાઓમાંથી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.

આ શિબિર અમદાવાદમાં કઠવાડા રોડ પર આવેલા દાસ્તાન ફાર્મ ખાતે યોજાશે. આ સ્થળ ક્ષેત્રફળની દૃષ્ટિએ આ શિબિર ૧૭૦ એકરમાં રહેશે. શિબિરના સંકુલને શ્રી લક્ષ્મણરાવ ઈનામદાર (વકીલ સાહેબ) નામ આપવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે શિબિરને વ્યવસ્થાની દૃષ્ટિએ કુલ ૨૫ વિભાગો છે જેમ કે ભોજન, પાણી, ચા, અલ્પાહાર સ્વચ્છતા, રક્ષક વિગેરે ૧૦ નગર જેમાં ૧૧૫૦ જેટલા તંબુઓ નિવાસ માટે રહેશે. જેમાં દરેક બે નગરો વચ્ચે એક રસોડું એમ કુલ પાંચ રસોડા રહેશે. કોન્ફરન્સ હોલ તથા એક કેન્દ્રીય કક્ષની વ્યવસ્થા કરવામાં આવેલ છે. શિબિરની દિનચર્યામાં સવારે ૪.૩૦ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી વિભિન્ન સત્રોમાં બોદ્ધિક તથા શારીરિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

શિબિર અંતર્ગત પ્રથમ દિવસે ૨જી જાન્યુઆરીએ પૂ.કે.કા. શાસ્ત્રી પ્રદર્શનીનું ઉદઘાટન પ્રસિધ્ધ લોકગાયક શ્રી ભીખુદાન ગઢવી દ્વારા કરવામાં આવશે. આ પ્રદર્શનીમાં આપણી ઉજ્જવળ જ્ઞાન પરંપરા ભારતીય સંસ્કૃતિનો વિશ્વવ્યાપી સંચાર ભારતનો સંઘર્ષ કાળ કૃતિરૂપ સંઘદર્શન : ગ્લોબલ વોર્મિંગ સમસ્યા અને એનો ઉકેલ સમરસતા પર્યાવરણ ગાય, સંકલ્પ શિબિર-૨૦૦૦ વિગેરેનો સમાવેશ થાય છે.

શિબિર વિધિવતનું ઉદઘાટન પ.પૂ. સરસંઘચાલક મા. શ્રી મોહનજી ભાગવત દ્વારા ૨જી જાન્યુઆરીના રોજ કરવામાં આવશે. ૩જી જાન્યુઆરીના દિવસે ૪ વિશાલ પથ સંચલન ૧૦૦૦ ઘોષવાહકો સાથે કરશે. એ સિવાય અગ્રણી મહિલા સંમેલન પ્રાધ્યાપક સંમેલન સંત સંમેલન તથા ૪થી જાન્યુઆરીના રોજ સાંજે ૪ કલાકે શિબિરનું જાહેર સમાપન તથા પ.પૂ. સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજ શ્રી શારદાપીઠ દ્વારકા તથા પ.પૂ.સરસંઘચાલક મોહન ભાગવતની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. પ.પૂ. સરસંઘચાલક શ્રી મોહન ભાગવત મા. સકાર્યવાહક શ્રી ભૈયાજી જોશી પૂર્ણ સમય શિબિરમાં ઉપસ્થિત રહેશે.

## ભ્રષ્ટાચાર અંગે તપાસની મોઢવાડિયાની માંગ

અમદાવાદ, તા.૨૭

ભાજપ સરકાર આયોજીત વાયબ્રન્ટ સમિટ-૨૦૧૩માં ભાજપના પૂર્વ ધારાસભ્ય ડૉ.ભરત બોઘરાયે ૧૭ લાખની કથિત લાંચ લીધાનો ઘરસ્ફોટ ભાજપ સરકારની તમામ સરકારી ક્ષેત્રે ચાલતી વિવિધ વહીવટી કામો માટેની ભ્રષ્ટાચારી સુવ્યવસ્થા હોવાનો ચોંકાવનારો આક્ષેપ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે વાયબ્રન્ટ સમિટમાં જુદા જુદા એમ.ઓ.યુ કરવા, ઉદ્યોગ ગૃહો સરકારી લાભો અપાવવા અને તે માટે ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ગોઠવણ એ ગુજરાતનું ભ્રષ્ટાચારી ભાજપ મોડેલ છે.

છેલ્લા ૬ વાયબ્રન્ટ સમિટમાં કરોડો રૂપિયાના એમ.ઓ.યુ.માં વિવિધ ઉદ્યોગ ગૃહો માટે અનેક ભાજપના નેતાઓએ ભુમિકા ભજવી હોય અને તેમાં પણ મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોય તેનું એક ઉદાહરણ વાયબ્રન્ટ સમિટ-૨૦૧૩માં કામ કરી આપવા ભાજપના પૂર્વ ધારાસભ્ય ડૉ.ભરત બોઘરાયે ૧૭ લાખની કથિત લાંચ લીધી હોય અને તે પણ કૃષિ મંત્રીના કેબીનમાં સમગ્ર ખેલ ભજવાય તેવું બહાર આવેલ છે.

# કાંકરિયા કાર્નિવલને ભવ્ય પ્રતિસાદ

## આજે રવિવાર હોવાથી બાળકો સાથે કાર્નિવલ ખાતે વધુ સંખ્યામાં લોકો પહોંચે તેવી શક્યતા : તમામ પગલા લેવાયા

અમદાવાદ, તા.૨૭

શહેરના કાંકરિયા વિસ્તારમાં કાંકરિયાના આજે ત્રીજા દિવસે રંગારંગ લોક સંસ્કૃતિ અને ગીત સંગીતના કાર્નિવલનો પ્રોગ્રામ જોવા મોટી સંખ્યામાં લોકો પહોંચે તેવી શક્યતા છે. પ્રથમ બે દિવસની સરખામણીમાં ત્રીજા દિવસે વધુ લોકો પહોંચ્યા હતા. આજે ભીડમાં અદ્દભુત અને રોમાંચક રાઈડ્સનો લ્હાવો લીધો હતો. હાસ્ય દરબારમાં સુખદેવ ધામેલીયા સહિતના કલોકારોનું મનોરંજન હોઈ તે જોવા ભારે ભીડ



ઉમટી હતી.

કાર્નિવલના કાર્યક્રમોની ભરમાર વચ્ચે કાર્નિવલનો રંગ છવાયેલો હતો. બે દિવસની સરખામણીએ આજે મુલાકાતીઓની ભીડ વધુ જોવા મળી હતી. રવિવાર રજાનો માહોલ હોવાથી માતા પિતા તેમના બાળકો સાથે કાંકરિયા વધુ ઘસારો જોવા મળ્યો હતો. કાંકરિયા કાર્નિવલમાં આજે ગીત-સંગીત, લોકનૃત્ય, હાસ્ય દરબાર, જાદુઈ શો સહિતના કાર્યક્રમોની સાથે સાથે એમ્યુઝમેન્ટ પાર્ક અને અન્ય આકર્ષણોમાં બાળકો, યુવાવર્ગથી માંડી વડીલોએ મનોરંજનની સાથે સાથે ભારે મોજ માણી હતી. કાર્નિવલ દરમ્યાન એન્ટ્રી પણ ફ્રી હોવાથી અને રવિવારની પણ રજા હોવાથી લોકોનો સારો એવો ઘસારો કાંકરિયામાં રહેશે. સાથે સાથે લોકોએ ખુલ્લા મૂકાયેલા એમ્યુઝમેન્ટ પાર્કની પણ મજા માણી હતી. અને

કાર્નિવલના કાર્યક્રમોમાં આતશબાજી ભારે આકર્ષણ જમાવે છે. ત્યારે રાત્રે ૧૦ વાગ્યે કાર્નિવલનો લેસર શો અને અવકાશી આતશબાજીનો નઝરો માણતા જેવો બની રહયા હતા. ઉલ્લેખનીય છે કે આતશબાજી સૌથી મોટુ આકર્ષણ હોય છે. શનિવાર રજાના માહોલમાં લાખો મુલાકાતીઓની ભીડ ઉમટી હતી. મોટી સંખ્યામાં લોકો હાલ પહોંચી રહ્યા છે જેથી તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## શબ્દાવલી - ૫૬૦૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | | | |
| | ■ | | ■ | | ■ | ૯ | |
| | ■ | ૧૦ | ૧૧ | | ૧૨ | | ■ |
| ■ | ૧૩ | ■ | | ■ | | ■ | ૧૪ |
| ૧૫ | | ૧૬ | | ■ | | ■ | |
| ૧૭ | | | | ■ | ■ | ૧૮ | |
| | ■ | | ■ | ૧૯ | | | |

**આડી ચાવી**

૧. આવવું, પધારવું (૪)
૪. રીબીન, બોપટ્ટી (૩)
૭. આશ્ચર્યજનક (૩)
૮. આ ઋતુમાં વૃક્ષના બધા પાન ખરી જતા હોય છે (૪)
૯. મોકો, લાગ (૨)
૧૦. કંકાસણું, કજીયા કર્યા કરે તેવું (૫)
૧૫. દાન, ખેરાત (૪)
૧૭. ભણેલું તે, શિક્ષણ (૪)
૧૮. લંબાઇનું એક માપ (૨)
૧૯. જાદુ, આશ્ચર્યનો બનાવ(૪)

**ઊભી ચાવી**

૧. ભોગળ, કડી (૪)
૨. હાથી (૨)
૩. અઢળક, પુષ્કળ (૪)
૪. એક સાબુનું નામ (૨)
૫. કવચ, લોઢાનો રક્ષણાત્મક પોશાક (૪)
૬. નર્ક, જહન્નુમ (૨)
૮. પાપી (તુચ્છકારમાં) (૩)
૧૧. જીવન (૪)
૧૨. ઘર, મકાન (૩)
૧૩. પ્રશંસા, તારીફ (૩)
૧૪. વેર, અંટશ (૪)
૧૫. થી ભરપુર (૩)
૧૬. મૂળ જન્મભૂમિ (૩)
૧૮. ગામડુ (૨)

**શબ્દાવલી ૫૫૯૯ના જવાબ**

**આડી ચાવી :-** (૧) મતલબ (૪) રહેમ (૭) હેલ (૮) હાલીમવાલી (૯) નવકાર (૧૦) તનીક (૧૧) તટ (૧૨) વળ (૧૩) કાટી (૧૪) કતલ (૧૬) દરમાયો (૧૮) મકતુ (૧૯) મેરામન (૨૧) કમર (૨૨) જઇજાત

**ઊભી ચાવી :-** (૧) મહેનત (૨) તલવટ (૩) બહારવટીયો (૪) રમત (૫) હેવાનીયત (૬) મલીક (૧૩) કામાતુર (૧૪) કસીરાઇ (૧૫) લયાનત (૧૬) દમક (૧૭) રકમ (૧૯) મેજ (૨૦) મજા

### બગીચો જ અદૃશ્ય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં આંતરિક વિસ્તારમાં વિકરાળ સમસ્યાઓનું નિવારણ આવતું નથી. નગરના શોપિંગ વિસ્તારમાં પણ બિહામણા દશ્યો જોવા મળે છે. સે-૨૧ શોપિંગ સેન્ટરમાં દબાણ, ગીચતા ગંદકી સહીતની અનેક સમસ્યા એ ભરડો લીધો છે. જયારે સે-૭ના શોપીંગની પણ બદતર હાલત છે. શોપિંગ વિસ્તારમાં બ્યુટીફીકેશનના નામે મીંડુ છે. સાંજ ઢળતા જ ભારોભાર અવ્યવસ્થા વચ્ચે મુલાકાતીઓ પણ ભીડભાડમાં ધક્કે ચઢે છે. આ વિસ્તારમાં અગાઉ નિર્માણ કરાયેલો બગીચો પણ અદૃશ્ય થઈ ગયો છે. ફેન્સીંગ અને હરિયાળી લોનના બદલે ઉજજડ મેદાનમાં હવે દબાણો અસ્તિત્વમાં આવી રહ્યા છે. આ જગ્યા પાર્કીંગ માટે પણ ખુલ્લી ન હોવાથી રોજબરોજ ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે.

### જીપો મળી આવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અડલજ પીઆઈ કે.કે. પંડયાને ચોકકસ બાતમી મળી કે અડાલજથી ખોરજની વચ્ચે અડાલજ ગામની સીમની ગૌચરની જમીન (અવાવરૂ જમીન)માં અંદાજે છ વર્ષ પહેલા રાત્રે બે વાગ્યે ક્રેઈન વડે કેટલાક વાહનો દાટવામાં આવ્યા હતા. બાતમીને ગંભીરતાથી લઈ અડાલજ પોલીસની ટીમે જેસીબી મશીન મંગાવીને એફએસએલ તથા વિડીયોગ્રાફરની હાજરીમાં ખોદકામ શરુ કર્યું હતું. જેમાં એક પછી એક નંબર પ્લેટ તથા એન્જીન વગરની બે જીપો (તુફાન અને મેકસ) દાટેલી હાલતમાં મળી આવી હતી અને એક વાહનનો કાટમાળ પણ મળી આવ્યો છે. પોલીસે બંને જીપો તથા કાટમાળ કબ્જે લઈ પોલીસ સ્ટેશને મુકી દીધો છે અને એફએસએલની મદદ લઈને જીપોના ચેસીઝ નંબર મેળવી સોફટવેરની મદદથી તેના માલિક તથા વાહનની હિસ્ટ્રી મેળવવા દોડધામ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં પાટણના પાસીંગની જીપ હોવાનું તથા મહેસાણાના કડી વિસ્તારના કોઈ વ્યકિતની માલીકીનું હોવાનું જાણવા મળતા તે દિશામાં પોલીસની ટુકડીઓ દોડી છે. આ દાટેલી જીપોએ ખુબ જ રહસ્યો ઉભા કર્યા છે. ચોરીના વાહનો હોવાની પ્રાથમિક શકયતાઓ છે પરંતુ તેને દાટવા પાછળનું કારણ હજુ પોલીસની પણ સમજમાં આવતું નથી. પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

### રોગનો ભરડો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યા છે. ત્યારે નગરમાં ઠેર ઠેર જોવા મળતાં કણજાના વૃક્ષો ઉપર છારા નામનો રોગ ફેલાયો છે. જેથી વૃક્ષો કદરૂપા લાગી રહ્યા છે. કણજાના વૃક્ષોના પાંદડા ઉપર સફેદ રંગના ટપકા થઈ ગયા છે. અને લીલાછમ લાગતા પાંદડા સફેદ ડાઘ થકી કોઢ નીકળ્યા હોય તેવા લાગી રહ્યા છે. આ રોગ નગરમાં આવેલ તમામ કણજાના વૃક્ષો ઉપર દેખાઈ રહ્યો છે અને પર્યાવરણ પ્રેમીઓ વૃક્ષોની આ અવદશાથી ચિંતા વ્યકત કરી રહ્યા છે.

જાણકારોનું કહેવું છે કે શિયાળામાં વધુ પડતા ઝાકળ થકી આ રોગ ફેલાય છે અને પાંદડાઓ ઉપર ઝાકળના બિંદુઓ ઠરી જતાં આવું બનતું હોય છે પરંતુ ઉનાળો અથવા ગરમીનું પ્રમાણ વધતાં આ રોગ આપોઆપ અદૃશ્ય થવા લાગશે અને પાંદડા ફરીથી લીલા થઈ જશે. જો કે વન વિભાગ આ બાબતે સજાગ બની આ રોગ ધારા છે કે અન્ય તેની તપાસ હાથ ધરે તે વૃક્ષોના જતન માટે યોગ્ય ગણાશે તેમ પણ વૃક્ષપ્રેમી નગરજનો કહી રહ્યા છે. ઉનાળામાં આ વૃક્ષો ઉપર આવતાં અસંખ્ય લાંબા બી (ફળ) શ્રમજીવીઓ વિણતાં જોવા મળે છે. આ બી (ફળ) દવા બનાવવામાં કે દવામાં ઉપયોગી હોવાનું પણ જાણવા મળેલ છે. જેથી સમગ્ર નગરમાં વિશાળ સંખ્યા ધરાવતાં આ કણજાના વૃક્ષોના રોગ પ્રત્યે સજાગતા અતિ આવશ્યક હોવાનું નગરના હિતમાં જરુરી બન્યું છે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

### ગુજરાત પ્રથમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૭૧૫૬ ઈ-ટ્રાન્ઝેકશન સાથે દેશનું પ્રથમ રાજય છે.

રાજયના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ દ્વારા ડીજીટલ ગુજરાત નામે પ્રસિધ્ધ કરવામાં આવેલા કોમ્પેડીયમમાં છેલ્લા ૧૨ વર્ષમાં રાજય સ્તરે ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે લેવામાં આવેલા ઈનીશીએટીવ તથા આ ક્ષેત્રમાં મેળવેલા એવોર્ડઝનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**LED, LCD & Colour TV રીપેરીંગ**
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

**ટચૂકડી જાહેર ખબર**

**ડુપ્લેક્ષ વેચવાનું છે**
પેથાપુર ચાર રસ્તાથી ગાંધીનગર મેઈન રોડથી ૫૦ મીટરના અંતરે જીઈબી કોલોનીથી અડધા કિલોમીટરના લોકેશનમાં સંધ્યાગી આશ્રમ પાસે સિદ્ધિ વિનાયક બંગ્લો નજીક, શુભ બિઝનેશ પાર્કની બાજુમાં, બે ફેમીલી રહી શકે તેવું બાંધકામવાળું ડુપ્લેક્ષ ફર્નિચર સાથે વેચવાનું છે.
મો. : ૯૭૧૯૧ ૦૯૧૦૮

**વેચાણ આપવાનો છે.**
૧૭૦ વારનો પ્લોટ વેચાણ આપવાનો છે.
સેક્ટર-૨૭, ગાંધીનગર
મો. : ૯૮૯૮૩૪૩૯૬૯